# 700 થી વધુ એજ્યુકેશનલ કિટનું વિતરણ કરી ક્રાઈસ્ટ કોલેજે ઉજવ્યો 25મો સ્થાપના દિવસ

## રોટરકેટ કલબનાં વિદ્યાર્થીઓએ સ્વભંડોળમાંથી જ 25 સરકારી શાળાનાં 25 તેજસ્વી છાત્રો અને અન્ય શાળાઓમાં એજ્યુકેશન કિટ વિતરણ કર્યુ



**હેડલાઇન । રાજકોટ**

ક્રાઈસ્ટ કોલેજ રાજકોટની ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે રાજકોટની સરકારી શાળાઓમાં એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૨૫ વર્ષથી સૌરાષ્ટ્ર કચ્છનાં શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત કોલેજો પૈકીની એક એવી ક્રાઈસ્ટ કોલેજને ૨૫ વર્ષ પૂર્ણ થતાં તેની ઉજવણીના ભાગરૂપે તેમજ વર્લ્ડ ચેરીટી ડે નિમિત્તે કોલેજમાં ચાલતાં રોટરેકટ કલબ દ્વારા રાજકોટ શહેરની કુલ ૨૫ સરકારી શાળાઓના ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ અક્ષમ વિદ્યાર્થીઓ ધરાવતી શાળામાં કુલ ૭૦૦ થી વધુ છાત્રોને એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી દીઠ એક સ્ટેશનરી કીટમાં ચોપડા સહિત કુલ છ અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ધો.૪ થી ૮સુધીના પ્રથમ પાંચ ક્રમાંકના બાળકોને આ સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ક્રાઈસ્ટ કોલેજના રોટરેકટ કલબના વિદ્યાર્થીઓ દ્વારા આ માટેનું સંપૂર્ણ ભંડોળ એકઠું કરી અને આ ભંડોળમાંથી જ ૭૦૦ જેટલી સ્ટેશનરી કીટ બનાવવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ક્રાઈસ્ટ કેમ્પસના ડાયરેકટર ફાધર ડૉ.જોમોન થોમનના અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ.ઈવોન ફર્નાન્ડિસના માર્ગદર્શન હેઠળ ડૉ.ગૌરવ વોરા અને પીન્ટુ





કુમારી બેરાએ જહેમત ઉઠાવી હતી. કોલેજના રોટરેકટ કલબના પ્રમુખ જાડેજાની ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્રાઈસ્ટ કોલેજના ડાયરેકટર ફાધર જોમોન થોમને જણાવ્યું હતું કે, ક્રાઈસ્ટ કેમ્પસ શિક્ષણને પ્રોત્સાહન મળે તેવા હેતુથી વારંવાર આવા કાર્યક્રમોનું આયોજન કરે છે અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમ કરશે જેથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળતું રહે.

## ક્રાઈસ્ટ કોલેજ અને રોટરેક્ટ ક્લબ દ્વારા

# સરકારી શાળાઓમાં સ્ટેશનરી કીટનું વિતરણ

## ક્રાઇસ્ટ કોલેજની 25 વર્ષની ઉજવણી નિમિત્તે વિવિધ સેવા પ્રકલ્પો



**અગ્ર ગુજરાત, રાજકોટ**

રાજકોટમાં આવેલ ક્રાઇસ્ટ કોલેજને 25 વર્ષ પૂર્ણ તથા તેની ઉજવણી અને વર્લ્ડ ચેરિટી ડે નિમિત્તે ક્રાઇસ્ટ કોલેજ અને રોટરેક્ટ ક્લબ દ્વારા શહેરની 25 સરકારીના શાળાના 25 તેજસ્વી વિદ્યાર્થીઓ અને અક્ષમ વિદ્યાર્થીઓ ધરાવતી શાળામાં કુલ 700થી વધુ એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ક્રાઇસ્ટ કોલેજ અને રોટરેક્ટ ક્લબના વિદ્યાર્થીઓ દ્વારા ભંડોળ એકત્રિત કરવામાં આવ્યું આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ક્રાઇસ્ટ કેમ્પસના ડાયરેકટર ફાધર ડો. જોમોન થૉમન અને કોલેજના પ્રિન્સિપાલ ડો. ઇવોન ફર્નાન્ડિસના માર્ગદર્શન હેઠળ ડો. ગૌરવ વોરા, પીન્ટુ કુમારી બેરાએ જહેમત ઉઠાવી હતી. તેમજ કોલેજના રોટરેક્ટ કલબના પ્રમુખ વિશ્વાબા જાડેજાની 40થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી ટીમ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જય કનૈયા લાલકી'ના ગગનચુંબી

(અનુ. આઠમા પાને)

શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

### ૨૬માં વર્ષના મંગલ પ્રવેશ નિમિતે

# ક્રાઈસ્ટ કોલેજ દ્વારા ૨૫ સરકારી શાળાઓમાં સ્ટેશનરી કીટનું વિતરણ

## ૭૦૦થી વધુ બાળકોને અપાઈ સ્ટેશનરી કીટ



**અબતક, રાજકોટ**

ક્રાઈસ્ટ કોલેજ ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે રાજકોટની સરકારી શાળાઓમાં એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૨૫ વર્ષથી સૌરાષ્ટ્ર-કચ્છના શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત કોલેજો માની એક એવી ક્રાઈસ્ટ કોલેજને ૨૫ વર્ષ પૂર્ણ થયેલ છે, જેની ઉજવણીના ભાગરૂપે તેમજ વર્લ્ડ ચેરિટી ડે નિમિત્તે કોલેજમાં ચાલતાં રોટરેક્ટ ક્લબ દ્વારા રાજકોટ શહેરની કુલ ૨૫ સરકારી શાળાઓના ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ અક્ષમ વિદ્યાર્થીઓ ધરાવતી શાળામાં કુલ ૭૦૦ થી વધુ એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી દીઠ એક સ્ટેશનરી કીટમાં ચોપડા સહિત કુલ છ અલગ-અલગ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવેલ હતો.તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ધોરણ ચાર થી આઠ સુધીના પ્રથમ પાંચ ક્રમાંકના બાળકોને આ સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

ક્રાઈસ્ટ કોલેજના રોટરેક્ટ ક્લબના વિદ્યાર્થીઓ દ્વારા આ માટેનું સંપૂર્ણ ભંડોળ એકઠું કરવામાં આવેલ હતું અને આ ભંડોળમાંથી જ ૭૦૦ જેટલી સ્ટેશનરી કીટ બનાવવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તેમજ બધા જ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ક્રાઈસ્ટ કેમ્પસના ડાયરેક્ટર ફાધર ડો.જોમોન થોમનના અને કોલેજના પ્રિન્સિપાલ ડો.ઈવોન ફર્નાન્ડિસના માર્ગદર્શન હેઠળ ડો.ગૌરવ વોરા અને પીન્ટુ કુમારી બેરાએ જહેમત ઉઠાવી હતી. કોલેજના રોટરેક્ટ ક્લબના પ્રમુખ વિશ્વાબા જાડેજાની ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.ક્રાઈસ્ટ કોલેજના ડાયરેક્ટર ફાધર જોમોન થોમનના કહે છે કે ક્રાઈસ્ટ કેમ્પસ શિક્ષણને પ્રોત્સાહન મળે તેવા હેતુથી વારંવાર આવા સારા કાર્યક્રમોનું આયોજન કરે છે અને ભવિષ્યમાં આવા કાર્યક્રમ કરશે. જેથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે.

# ક્રાઈસ્ટ કોલેજની ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે સરકારી શાળાઓમાં એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરાયું







(આઝાદ સંદેશ), રાજકોટઃ છેલ્લા ૨૫ વર્ષથી સૌરાષ્ટ્ર-કચ્છના શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત કોલેજો માની એક એવી ક્રાઈસ્ટ કોલેજને ૨૫ વર્ષ પુર્ણ થયેલ છે. જેની ઉજવણીના ભાગરૂપે તેમજ વર્લ્ડ ચેરીટી ડે નિમિત્તે કોલેજમાં ચાલતા રોટરેક્ટ ક્લબ દ્વારા રાજકોટ શહેરની કુલ ૨૫ સરકારી શાળાઓના ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ અક્ષમ વિદ્યાર્થીઓ ધરાવતી શાળામાં કુલ ૭૦૦થી વધુ એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી દીઠ એક સ્ટેશનરી કીટમાં ચોપડા સહીત કુલ છ અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ધોરણ ચાર થી આઠ સુધીના પ્રથમ પાંચ ક્રમાંકના બાળકોને આ સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

ક્રાઈસ્ટ કોલેજના રોટરેક્ટ ક્લબના વિદ્યાર્થીઓ દ્વારા આ માટેનું સંપુર્ણ ભંડોળ એકઠું કરવામાં આવેલ હતું અને આ ભંડોળમાંથી જ ૭૦૦ જેટલી સ્ટેશનરી કીટ બનાવવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તેમજ બધા જ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ક્રાઈસ્ટ કેમ્પસના ડાયરેક્ટર ફાધર ડો.જોમોન થોમનના અને કોલેજના પ્રીન્સીપાલ ડો.ઈવોન ફર્નાન્ડિસના માર્ગદર્શન હેઠળ ડો.ગૌરવ વોરા અને પીન્ટુ કુમારી બેરાએ જહેમત ઉઠાવી હતી. કોલેજના રોટરેક્ટ ક્લબના પ્રમુખ વિશ્વાબા જાડેજાની ૪૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. ક્રાઈસ્ટ કોલેજના ડાયરેક્ટર ફાધર જોમોન થોમનના કહે છે કે ક્રાઈસ્ટ કેમ્પસ શિક્ષણને પ્રોત્સાહન મળે તેવા હેતુથી વારંવાર આવા સારા કાર્યક્રમોનું આયોજન કરે છે અને ભવિષ્યમાં આવા કાર્યક્રમ કરશે જેથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે.

# ક્રાઈસ્ટ કોલેજના સફળતાના 25 વર્ષ પૂર્ણઃ સરકારી શાળાઓમાં એજ્યુકેશન સ્ટેશનરીની કીટનું વિતરણ

ખાસ-ખબર સંવાદદાતા



ક્રાઈસ્ટ કોલેજ રાજકોટની ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે રાજકોટની સરકારી શાળાઓમાં એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૫ વર્ષથી સૌરાષ્ટ્ર-કચ્છના શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત કોલેજોમાંની એક એવી ક્રાઈસ્ટ કોલેજને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે જેની ઉજવણીના ભાગરૂપે તેમજ વર્લ્ડ ચેરિટી ડે નિમિત્તે કોલેજમાં ચાલતા રોટરેક્ટ ક્લબ દ્વારા રાજકોટ શહેરની કુલ ૨૫ સરકારી શાળાઓના ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ અક્ષમ વિદ્યાર્થીઓ ધરાવતી શાળામાં કુલ ૭૦૦થી વધુ એજ્યુકેશન સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી દીઠ એક સ્ટેશનરી કીટનું ચોપડા સહિત કુલ ૭ અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ધોરણ ચારથી આઠ સુધીના પ્રથમ પાંચ ક્રમાંકના બાળકોને આ સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તેમજ બધા જ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ક્રાઈસ્ટ કેમ્પસના ડાયરેક્ટર ફાધર ડો. જોમોન થોમનના અને કોલેજના પ્રિન્સિપાલ ડો. ઈવોન ફર્નાન્ડિસના માર્ગદર્શન હેઠળ ડો. ગૌરવ વોરા અને પીન્ટુ કુમારી બેરાએ જહેમત ઉઠાવી હતી. કોલેજના રોટરેક્ટ ક્લબના પ્રમુખ વિશ્વાબા જાડેજાની ૪૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.